## રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.

## સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૦૫/૨૦૨૦ ની સારી કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | 15 | 2,10,828/- | કુલ ૧૫ કિંમત રૂ. ૨૧૦૮૨૮/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | 73 | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | 180 | - | કુલ- ૧૮૦ અરજીમાં રૂ. ૨૯૯૨૫૮/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

## ડી.સી.બી. પો.સ્ટે. માહે ૦૫/૨૦૨૦ ની સારી કામગીરી

### પ્રેસ નોટ

# સગીરા ઉવ.૧૭ ને લલચાવી ફોસલાવી ભગાડી લઇજનાર ઇસમને ભોગબનનાર સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર, ભકીતનગર પો.સ્ટે. વિસ્તારમા સગીરા ઉવ.૧૭ ને આરોપી કલ્પેશ ઉર્ફે કલો રાજુભાઇ ડાભી રહે. કલ્યાણ સોસાયટી શેરી નં-૧ સહકાર રોડ, રાજકોટ વાળો લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયેલ હોવા બાબતે સગીરાના વાલીએ ફરીયાદ કરતા ભકિતનગર પો.સ્ટે. ખાતે ગુ.ર.નંબર ૫૩૯/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ મુજબ ગુન્હો તા.૧૦/૫/૨૦૨૦ ના રોજ રજી. થયેલ હોય જે ગુન્હાના કામે ભોગબનનાર તથા આરોપી બાબતે તપાસ કરતા મળી આવતા નહોય જે ગુન્હામા ભોગબનનાર સગીરવય ઉવ.૧૭ ના હોય જેથી સદરહુ ગુન્હાના બાબતે **રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ, સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી રવી મોહન સૈની સાહેબ ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જયદિપસિંહ સરવૈયા સાહેબ ક્રાઇમ** નાઓએ સરદહુ ગુન્હાના કામે ભોગબનનાર તથા આરોપી બાબતે સઘન તપાસ કરી શોધીકાઢવા સુચના કરેલ હોય જેઓની સુચના તથા ડી.સી.બી. પો.સ્ટે. ના **પો. ઇન્સ. શ્રી એચ.એમ.ગઢવી સાહેબ** ના સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ખાતેથી ભોગબનનાર તથા આરોપી બાબતે તપાસમા હોય જે દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. યુ.બી.જોગરાણા તથા તેમની ટીમના માણસો સદરહુ ગુન્હાના ભોગબનનાર સગીરા ઉવ.૧૭ તથા આરોપી બાબતે તપાસમા હોય જે દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે. ના પો. હેડ કોન્સ. સંતોષભાઇ મોરી, જયંતીભાઇ ગોહીલ તથા પો. કોન્સ. ઇન્દ્રજીતસિંહ ગોહિલ નાઓને મળેલ સચોટ માહિતી આધારે રાજકોટ શહેર કુવાડવા રોડ સાતહનુમાન પાસેથી.

- આરોપી

કલ્પેશ ઉર્ફે કલો રાજુભાઇ ડાભી ઉવ.૨૩ રહે. કલ્યાણ સોસાયટી શેરી નં-૧ સહકાર રોડ, રાજકોટ,

સદરહુ ગુન્હાના કામે ભોગબનનાર સગીરા ઉવ.૧૭ તથા આરોપી મળી આવતા જેઓને ભકિતનગર પો.સ્ટે. ને સોંપી આપવા તજવીજ કરવામા આવેલ છે.

સ્થળ – રાજકોટ શહેર,

તા.૨૭/૦૫/૨૦૨૦

<u>પ્રેસ નોટ</u>

## અજાણ્યા પુરૂષના અનડીટેકટ મર્ડરનો ગુન્હો ગણત્રીની કલાકોમા શોધી કાઢી આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર બી. ડીવી. પો.સ્ટે. વિસ્તારમા જુના મોરબી રોડ બારદાન રોડ ખાતેથી તા.૨૬/૦૫/૨૦૨૦ ના રોજ કોથળાઓ વચ્ચેથી શંકાસ્પદ અજાણ્યા પુરૂષની લાશ મળી આવેલ જેથી રાજકોટ શહેર બી. ડીવી. પો.સ્ટે. તથા ડી.સી.બી. પો.સ્ટે. તથા એસ.ઓ.જી. ની ટીમો બનાવની જગ્યાએ પહોંચી મળી આવેલ શંકાસ્પદ અજાણ્યા પુરૂષની લાશ ની ઓળખ બાબતે તપાસ કરતા જે લાશ ગોવિંદભાઇ ભાદાભાઇ ચાવડા ઉવ.આ. ૬૫ રહે. મોરબી રોડ ગણેશનગર રાજકોટ વાળાની હોવાનુ તપાસ દરમ્યાન જણાય આવેલ તેમજ મરણજનાર ની લાશ પર ગળામા દોરી મળી આવેલ હોય તેમજ લાશ જે આશરે બે દિવસ અગાઉની હોવાનુ જણાય આવતુ હોય જેથી સદરહુ બાબતે બી. ડીવી. પો.સ્ટે. અ.મોત નંબર ૧૨/૨૦૨૦ થી દાખલ કરી મરણજનાર ના મોત બાબતે ચોકકસ કારણ જાણવા લાશનુ ફોરેન્સીક મેડીસીન વિભાગ પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે પી. એમ. કરાવવા તજવીજ કરાવવામા આવેલ.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ, સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી રવી મોહન સૈની સાહેબ ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જયદિપસિંહ સરવૈયા સાહેબ ક્રાઇમ નાઓએ સરદહુ બનાવમા મરણજનાર ની લાશ જે આશરે બે દિવસ અગાઉની હોય તેમજ લાશ કોથળાઓ નીચેથી મળી આવેલ હોય તેમજ લાશના ગળા ઉપરથી દોરી મળી આવેલ હોય જેથી મરણજનાર ના મોત બાબતે શંકા ઉપજતી હોય જે મરણજનાર ના મોત બાબતે ઉંડાણપુર્વક તપાસ કરવા તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચના તથા ડી.સી.બી. પો.સ્ટે. ના પો. ઇન્સ. શ્રી એચ.એમ.ગઢવી સાહેબ તથા એસ.ઓ.જી. પો.ઇન્સ. આર.વાય.રાવલ ના સીધા માર્ગદર્શન મુજબ ગુન્હાનો ભેદ ઉકેલવા ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. પી.એમ.ધાખડા, એચ.બી.ધાંધલીયા, યુ.બી.જોગરાણા, એસ.વી.સાખરા નાઓની અલગ અલગ ટીમો બનાવી બનાવની જગ્યા આજુ બાજુમા તથા ખાનગીરાહે તપાસ કરવામા આવેલ.

સદરહુ ગુન્હાની જગ્યાની આજુ બાજુમા તપાસ કરતા બનાવની જગ્યાની નજીકમા આવેલ સી.સી.ટી.વી. કેમેરો તુટેલ જોવામા આવેલ જેથી સદરહુ શંકાસ્પદ જણાયેલ હોય જે તુટેલ સી.સી.ટી.વી. કેમેરા ના ફુટેજ પો. હેડ કોન્સ. મોહસીનખાન મલેક, પો. કોન્સ. યોગીરાજસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા નાઓ મારફત ચેક કરાવતા જે કેમેરો તા.૨૪/૦૫/૨૦૨૦ ના કલાક ૨૩/૦૬ વાગ્યે તોડીનાખેલ જોવામા આવેલ તેમજ તેમા એક અજાણ્યો શંકાસ્પદ ઇસમ જોવામા આવેલ જે અજાણ્યા ઇસમ બાબતે ડી.સી.બી. પો.સ્ટે. ની તમામ ટીમો ખાનગીરાહે તપાસમા હોય જે દરમ્યાન એ.એસ.આઇ. ચેતનભાઇ ચાવડા, પો. કોન્સ. નીશાંતભાઇ પરમાર, મહેશભાઇ મંઢ, કરણભાઇ મારૂ, નગીનભાઇ ડાંગર નાઓને ખાનગીરાહે માહિતી મળેલ કે જે સી.સી.ટી.વી. મા અજાણ્યો ઇસમ જોવામા આવે છે તે ઇસમ અલીમહમદ છોટુઅલી હોવાનુ અને તે બનાવની નજીકમા આવેલ કૈલાશ કંપનીમા તેની પત્ની તથા બાળક સાથે રહેતો હોવાની માહિતી મળેલ હોય જે સચોટ માહિતી આધારે સદરહુ (૧) અલીમહમદ છોટુઅલી સાંઇ મુસ્લીમ ઉવ.૨૮ ધંધો કૈલાશ કંપની હીરેનભાઇ શેઠ ના કોથળા ના કારખાનામા મજુરી રહે. મોરબી રોડ, રાજેશ મીલ પાછળ કૈલાશ કંપની બારદાન રોડ, રાજકોટ મુળ ગામ ગુદ્દુરૂ કોલબાગ તહસીલ ઇકોન્હા પોસ્ટ ભોસાયર થાના ગીલોલા બજાર જી.સરવસ્તી યુ.પી. તથા (૨) નનકીબેગમ વા/ઓ અલીમહમદ છોટુઅલી ઉવ.૨૪ રહે. ઉપર મુજબ વાળાઓની તપાસ કરી તેઓને પુછપરછ અર્થે તાત્કાલીક ડી.સી.બી. પો.સ્ટે. ખાતે લઇ આવવામા આવેલ જે ઉપરોકત બન્ને પતિ-પત્ની ની ગુન્હા બાબતે અલગ અલગ રાખી પુછપરછ કરવામા આવેલ જે પુછપરછમા સરદહુ બનાવ જે નનકીબેગમ કુદરતી હાજતે જતા સમયે મરણજનાર ગોવિંદભાઇ

ભાદાભાઇ ચાવડા છુંપાયને જોતો હોવાની શંકા અલીમહમદને જતા સદરહુ અલીમહમદએ આ ગોવિંદભાઇ ભાદાભાઇ નુ ખુન કરવાનુ નકિક કરી મરણજનાર ગોવિંદભાઇ જેઓ બારદાન રોડ ઉપર રાત્રીના ચોકીદારી કરતા હોય જેથી તા.૨૪/૦૫/૨૦૨૦ ના રાત્રીના કલાક ૨૩/૦૬ વાગ્યે અલીમહમદે બનાવની જગ્યાની નજીકનો સી.સી.ટી.વી. કેમેરો તોડી નાખેલ બાદ તેજ રાત્રીના આશરે એકાદ વાગ્યાના સુમારે અલીમહમદએ ગોવિંદભાઇ ભાદાભાઇ ચાવડા પાસે જઇ ગોવિંદભાઇ ને ગળામા દોરી વડે ગળાટુંપો આપી મોતનીપજાવી બાદ પોતાની પત્ની નનકીબેગમને બોલાવી બન્ને પતિ-પત્નીએ લાશને ત્યા નજીકમા પડેલ કોથળાઓના ઢગલા મા નીચે મુકી ગુન્હો આચરેલ હોવાની કબુલાત આપતા સદરહુ ગંભીર ગુન્હાનો ગણત્રીની કલાકોમા ભેદ ઉકેલવામા આવેલ છે.

- **<u>મરણજનાર</u>**

  ગોવિંદભાઇ ભાદાભાઇ ચાવડા ઉવ.આ. ૬૫ રહે. મોરબી રોડ ગણેશનગર રાજકોટ જે બારદાન રોડ ઉપરના કારખાઓમા નાઇટમા ચોકીદાર તરીકે નોકરી કરતા.

- **<u>આરોપી</u>**

  (૧) અલીમહમદ છોટુઅલી સાંઇ મુસ્લીમ ઉવ.૨૮ ધંધો કૈલાશ કંપની હીરેનભાઇ શેઠ ના કોથળા ના કારખાનામા મજુરી રહે. મોરબી રોડ, રાજેશ મીલ પાછળ કૈલાશ કંપની બારદાન રોડ, રાજકોટ મુળ ગામ ગુટ્ટુરુ કોલબાગ તહસીલ ઇકોન્હા પોસ્ટ ભોસાયર થાના ગીલોલા બજાર જી.સરવસ્તી યુ.પી.

  (૨) નનકીબેગમ વા/ઓ અલીમહમદ છોટુઅલી ઉવ.૨૪ રહે. ઉપર મુજબ.

- **<u>ગુન્હો કરવાનો હેતુ</u>**

  આ કામે નનકીબેગમ કુદરતી હાજતે જતા સમયે મરણજનાર ગોવિંદભાઇ ભાદાભાઇ ચાવડા છુંપાયને જોતો હોવાની શંકા અલીમહમદને જતા સદરહુ અલીમહમદએ આ ગોવિંદભાઇ ભાદાભાઇ નુ ખુન કરવાનુ નકિક કરી મરણજનાર ગોવિંદભાઇ જેઓ બારદાન રોડ ઉપર રાત્રીના ચોકીદારી કરતા હોય જેથી તા.૨૪/૦૫/૨૦૨૦ ના રાત્રીના કલાક ૨૩/૦૬ વાગ્યે અલીમહમદે બનાવની જગ્યાની નજીકનો સી.સી.ટી.વી. કેમેરો તોડી નાખેલ બાદ તેજ રાત્રીના આશરે એકાદ વાગ્યાના સુમારે અલીમહમદએ ગોવિંદભાઇ ભાદાભાઇ ચાવડા પાસે જઇ ગોવિંદભાઇ ને ગળામા દોરી વડે ગળાટુંપો આપી મોતનીપજાવી બાદ પોતાની પત્ની નનકીબેગમને બોલાવી બન્ને પતિ-પત્નીએ લાશને ત્યા નજીકમા પડેલ કોથળાઓના ઢગલા મા નીચે મુકી ગુન્હો આચરેલ છે જે આરોપી પતિ-પત્ની ફેબ્રુઆરી ૨૦૨૦ મા રાજકોટ ખાતે પોતાના વતનથી આવેલ હતા અને હાલ બનાવની જગ્યાની નજીક કૈલાશ કારખાનામા રહી ત્યા મજુરી કામ કરતા.

- **<u>કામગીરી કરનાર</u>**

  ડી.સી.બી. પો.સ્ટે. ના પો. ઇન્સ. શ્રી એચ. એમ. ગઢવી, એસ.ઓ.જી. પો. ઇન્સ. આર.વાય.રાવલ, ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. પી.એમ.ધાખડા, એચ.બી.ધાંધલીયા, યુ.બી.જોગરાણા, એસ.વી.સાખરા, એ.એસ.આઇ. વિજયસિંહ ઝાલા, પો. હેડ કોન્સ. સમીરભાઇ શેખ ની ટીમો તથા મહિલા પો. કોન્સ. તોરલબેન જોષી,

સ્થળ – રાજકોટ શહેર,

તા.૨૭/૦૫/૨૦૨૦

PRESS NOTE

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેર કોઠારીયા રોડ પર આવેલ સ્કુલ માંથી રોકડા રૂપિયા તથા મોબાઇલ ફોનની ચોરી કરેલ બાળ કીશોર પાસેથી રોકડા રૂ-૧,૯૦,૦૦૦/ સહિત કુલ રૂ-૧૯૫,૦૦૦/-નો મુદામાલ કબ્જે કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

રાજકોટ શહેર કોઠારીયા મે.રોડ પર ગોકુલ પાર્કના ગેઇટથી અંદર આવેલ માતૃ શ્રી વિધા મંદીર નામની સ્કુલ આવેલ હોય હાલમા વિશ્વ ભરમા કોરોના વાયરસનો ફેલાવો થયેલ હોય જે અનુસંધાને ભારત સરકાર તથા ગુજરાત સરકાર શ્રી નાઓ દ્વારા તા-૨૦/૦૩/૨૦૨૦ દરમ્યાન સ્કુલ કોલેજોમા વિધાર્થીઓને બોલાવા નહિની સુચના કરેલ હોય જે અનુસંધાને ઉપરોકત સ્કુલના સંચાલકોએ તા-૨૦/૦૫/૨૦૨૦ ના તા-૧૨/૦૦ વાગ્યે સ્કુલ બંધ કરેલ અને તા-૨૧/૦૫/૨૦૨૦ ના રોજ સવારમા સ્કુલે આવતા સ્કુલની ઓફીસમા રાખેલ વિધાર્થીઓના સ્કુલ "ફી"ના આવેલ રોકડા રૂપિયા-૧,૯૦,૦૦૦/- તથા મોબાઇલ ફોનની ચોરી કરેલનો બનાવ બનેલ.જે ઉપરોકત બનાવ અનુસંધાને સ્કુલના સંચાલકોએ ઉપરોકત ચોરીનો બનાવ રાજકોટ શહેર આજીડેમ પોલીસ ખાતે તા-૨૯/૦૫/૨૦૨૦ ના રોજ ગુ.ર.નંબર-૧૧૨૦૮૦૦૨૨૦૦૮૬૬/૨૦૨૦ આઇ.પી.સી.-૩૮૦,૪૫૪,૪૫૭,મુજબથી ગુન્હો રજી.કરાવેલ

ઉપરોકત બનાવ જાહેર થતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ નાઓના ધ્યાન પર આવેલ જેથી ઉપરોકત ચોરીના બનાવ સંબધે ફળદાયક હકિકત મેળવી ગુન્હો ડીટેકટ કરવા સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે એ.સી.પી.ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબ તથા અમો પો.ઇન્સ.એચ.એમ.ગઢવી નાઓના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ પો.સબ.ઇન્સ. યુ.બી.જોગરણા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા.દરમ્યાન રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના ASI સી.એમ.ચાવડા તથા PC કરણભાઇ મારૂ તથા અશોકભાઇ ડાંગર નાઓને મળેલ હકિકતના આધારે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર પાસેથી સદરહુ ગુન્હામા ગયેલ રોકડા રૂપિયા તથા મોબાઇલ ફોન સાથે પી.ડી.એમ.કોલેજ પાછળ ડી-માર્ટ પાસે પકડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

- કાયદાના સંઘર્ષમા આવેલ કીશોર રહે-હુડકો ચોકડી રામનગર-૦૨ શેરી નંબર-૦૩,રાજકોટ

> <u>કાયદાના સંઘર્ષમા આવેલ કીશોર  પાસેથી કબ્જે કરેલ મુદામાલ</u>

(૧) રોકડા રૂપિયા-૧,૯૦,૦૦૦/-

(૨) સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન મો.ફોન નંગ-૦૧ કુલ કિં.રૂ-૫,૦૦૦/-

આમ કુલ રૂપિયા-૧,૯૫,૦૦૦/નો મુદામાલ-Cr.pc.-૧૦૨ મુજબ કબ્જે કરવામા આવેલ છે.

> <u>શોધી કાઢેલ ગુન્હાઓ</u>

(૧) રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નંબર-૧૧૨૦૮૦૦૨૨૦૦૮૬૬/૨૦૨૦ આઇ.પી.સી.-૩૮૦,૪૫૪,૪૫૭, મુજબનો ગુન્હો ડીટેકટ કરેલ છે.

> <u>આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-</u>

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.ઇન્સ એચ.એમ.ગઢવી તથા પો.સબ.ઇન્સ.યુ.બી.જોગરાણા તથા ASI બીપીનદાન ગઢવી તથા સી.એમ.ચાવડા તથા HC સંતોષભાઇ મોરી તથા જયંતીભાઇ ગોહિલ અંશુમાનભા ગઢવી તથા ઇન્દ્રજીતસિંહ ગોહિલ તથા કરણભાઇ મારૂ તથા અશોકભાઇ ડાંગર નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૩૧/૦૫/૨૦૨૦

(એચ.એમ.ગઢવી)<br>પોલીસ ઇન્સ્પેકટર,<br>ડી.સી.બી.પો.સ્ટે<br>રાજકોટ શહેર.